ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૮-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

જાત ભણીની જાત્રા

જૈન ધર્મનું સૌથી મોટું પર્વ છે પર્યુષણ અને તે અંતર્મુખ થવાની, જાત ભણીની જાત્રા છે. માણસ જન્મે છે ત્યારથી પાપની પરંપરા શરૂ થઇ જાય છે. અજાણતાં પણ જીવ મન-વચન-તન અને ધન દ્વારા અસંખ્ય પાપો કરતો રહે છે. ખ્રિસ્તી ધર્મમાં તો સ્ત્રી-પુરૂષના સમાગમ માટે 'ઓરિજિનલ સિન' જેવો શબ્દપ્રયોગ થયો છે. ઇડન ગાર્ડનની વાડીનું વર્જિત ફળ ખાધું કે પવિત્ર રહેવા સરજાયેલા માનવીના મનમાં પાપ પેઠું અને એનું જ પરિણામ તે આજે કીડિયારાની જેમ ઊભરાતી સૃષ્ટિ! જૈન ધર્મમાં પાપ-પુણ્યની વ્યાખ્યા કર્મબંધનના આધારે કરાય છે. હવે કર્મ કર્યા વગર તો જિવાય જ શી રીતે? એટલે ગીતામાં શ્રીકૃષ્ણે 'અનાસક્તિ યોગ' પ્રબોધ્યો. કર્મ કરવાં જ રહ્યાં, પરંતુ એમાં લેપાયમાન થયા વગર. તો પછી યુદ્ધમાં સગા પિતામહનું લોહી વહેવડાવવામાં પણ પાપ નથી. પર્યુષણ પર્વના આઠ દિવસોમાં પ્રભુ મહાવીરનું જન્મકલ્યાણક, કલ્પસૂત્ર વાચન અને પ્રતિક્રમણનો મહિમા છે. પ્રતિક્રમણ એટલે કાચબો એના અંગો સંકોરે એમ અંદર તરફ વળવાની પ્રક્રિયા. બહારની દુનિયાથી વિમુખ થઇ આત્મા ભણી પ્રયાણ કરવાની આ પાપ-પક્ષાલનની પદ્ધતિ કાળક્રમે કર્મકાંડ બનીને રહી ગઇ છે. આમ જુઓ તો એ અંદરનો મોલ ધોવાનું વૈજ્ઞાનિક કર્મ છે. પરંતુ પરંપરા કોઇ પણ ઉત્તમ બાબતને સ્થૂળ કર્મકાંડમાં ફેરવી દે છે. પર્યુષણ એ ભગવાન મહાવીરના તપ અને ત્યાગ તથા તિતિક્ષાને પુરસ્કારનારું પર્વ છે. તીર્થંકરના પાવન પ્રસંગો, માતા ત્રિશલાદેવીનાં ચૌદ સપનાં વગેરેનું પ્રતીકાત્મક મહત્ત્વ છે. પરંતુ સૌથી મહત્ત્વની બાબત છે ચિત્તની આંતરશુદ્ધિ. આ માટે પળેપળ પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત કરવું એ જ તરણોપાય છે. પર્યુષણની પૂર્ણાહૂતિ વેળાએ જૈનો એકમેકને 'ખમાવે' છે. ખમવું અને ખમાવવું - એ જૈન ધર્મનો આદર્શ છે. આપણાથી કોઇને અજાણે પણ અપરાધ થઇ ગયો હોય તો એની ખરા અંતઃકરણની ક્ષમા માગતાં કોઇ જ ક્ષોભ ન થવો જોઇએ. સામે ચાલીને ક્ષમા માગનારને ઇશ્વર પણ માફ કરતો હોય છે. ક્ષમા આપવા માટે પણ છપ્પનની છાતી જોઇએ. ક્ષમા વીરનું ભૂષણ છે. એ કાયરનું કામ નથી. ક્ષમા માગવા માટે પણ અહંકાર ત્યજવો પડે. 'વિષ્ણુ સહસ્રનામ'માં ભગવાનનું એક નામ 'ક્ષમ' છે. ક્ષમ એટલે ક્ષમા આપનાર, બીજો અર્થ શક્તિશાળી, સક્ષમ. સક્ષમ વ્યક્તિ જ ક્ષમા આપી શકે. ક્ષમા આપનારા મહાપુરૂષોમાં ભગવાન રામચંદ્રથી લઇ મહાત્મા ગાંધી સુધીની વિભૂતિઓનો સમાવેશ થાય છે. બળેવના દિવસે સાબરમતી જેલમાં પોતાનો સુહાગ ઉજાડનારના હાથે રાખડી બાંધનારી વિધવા ક્ષમાનું સૌથી મોટું પ્રતીક છે. ધરતી ખૂંદી ખમે છે, વનરાઇ વાઢી ખમે છે. ધરતી અને વનરાજી જેવી ક્ષમા માણસ ક્યારે કેળવી જાણશે? એ સહિષ્ણુતા જ એને માનવમાંથી દેવ બનાવી શકે. સદેહે પરમાત્મા થવાની જોગવાઇ ફક્ત જૈન ધર્મમાં છે. ભગવાન મહાવીરે કેટકેટલા ઉપસર્ગ ખમ્યા છે, ત્યારે એ તીર્થંકરપદ પામ્યા છે. કાનમાં શૂળ ભોંકનાર સામે પણ એ સમત્વ ભાવે જ જુએ છે. વિનોબાજી ક્ષમાના વિવિધ સ્તરોની વાત કરે છે. ગુનો કરનારને સજા કર્યા વગર જવા દેવો એ ક્ષમાનું સ્થૂળ સ્વરૂપ છે. ક્ષમા કર્યાનો બોજો લઇને ફર્યા કરવાથી ક્ષમાનું શક્તિમાં રૂપાંતર થઇ શકતું નથી. ક્ષમા સહજ અને સ્વાભાવિક રૂપે, દિલમાં કશા પણ કચવાટ વગર અપાય ત્યારે તે શક્તિ બની જાય છે. ભૂમિને ગમે તેટલી ખોદીએ તોય તે પ્રતિકાર નથી કરતી, ઉલટાની દ્રવિત થઇ જઇ મીઠું જળ આપે છે. વૃક્ષને પથ્થર મારો તો સામેથી ફળ આપે છે. ચંદનને જે કુહાડીથી કાપ્યું હોય એને એ સુવાસિત કરી મૂકે છે. ક્ષમાનું આ સર્વોચ્ચ સ્વરૂપ છે. અહીં ગુનેગારને અપકારી નહીં પણ ઉપકારી ગણવામાં આવે છે. અપકાર કરનાર પ્રત્યે પણ ઉપકાર કરવો, પોતાના ઉપર જીવલેણ હુમલો કરનારનું પણ ભલું વાંછવું એ માણસાઇનું સર્વોચ્ચ શિખર છે. મહંમદ પયગંબરને જેર આપનારી યહૂદણને એમણે માફ કરી દીધી હતી. અનુયાયીઓએ એને સજા આપવાની વિનંતી કરી તો કહે : એનો ગુનો એ જ એની મોટામાં મોટી સજા છે. ભૂલ કરનારને એની ભૂલ છતાં સજા ન મળે ત્યારે એ મનોમન ભારે મૂંઝારો અનુભવે છે. આ મૂંઝારો કોઇ નાનીસૂની સજા નથી. આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ એમના રસોઇયાએ જ દૂધમાં ઝેર આપેલું. મહર્ષિએ એને પોતાની પાસે હતા તે બધા જ પૈસા આપી દઇ રાતોરાત જોધપુરની હદ વળોટી જવા વિનંતી કરી હતી. જો તે સવાર સુધી જોધપુર ન છોડી દે અને રાજાને આ વાતની ખબર પડી જાય તો એનું ઘાણીએ ઘાલીને તેલ કાઢે એમાં બે મત નથી. વિશ્વની તમામ વિભૂતિઓનાં જીવનમાં ક્ષમાના આવા પ્રસંગો વેરાયેલા પડ્યા છે. આપણો કવિ કહે છે એમ, 'અવેરે જ શમે વેર, ના શમે વેર વેરથી.' અવૈરનો સંદેશ આપતું આ મહાપર્વ સ્વાભાવિક રીતે જ 'પર્વાધિરાજ'ની પ્રતિષ્ઠા ધરાવે છે. સંવત્સરી પર્વનો સંદેશ આપતું આ મહાપર્વ સ્વાભાવિક રીતે જ 'પર્વાધિરાજ'ની પ્રતિષ્ઠા ધરાવે છે. સંવત્સરી પર્વનો સંદેશ જીવનાં ઉતારવા જેવો છે. 'મિચ્છામી દુક્કડં' કહીને એને ઔપચારિક વિદાય આપી દેવાથી કોઇ જ અર્થ નહીં સરે. જેને આપણાં વાણી-વર્તનથી દુઃખ પહોંચ્યું હોય એની સામા પગલે એના ઘરે પહોંચી જઇ ક્ષમા માગીએ. કોઇએ આપણું અહિત કર્યું હોય, આપણને અસીમ પીડા પહોંચાડી હોય એને ઉદારતાપૂર્વક સહજ ભાવે ક્ષમા આપીએ : 'ખામેમિ સવ્વ જીવે, જીવ્વે જીવા ખમંતુ મે; મિત્તિ મે સવ્વ ભુએસુ વેરં મજ્ઝં ન કેણઇ.'

હીરામણી સ્કૂલમાં વિજ્ઞાન મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

સરખેજ-ગાંધીનગર હાઈવે પર આવેલ હીરામણી સ્કૂલ વૃધ્ધાશ્રમ સત્સંગ હોલમાં વિજ્ઞાન મેળો યોજવામાં આવ્યો હતો. અમદાવાદ-શહેરની ૨૪ શાળાઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ૪૪ પ્રોજેક્ટ રજુ કર્યા હતા.

હીરામણી સ્કૂલ અને ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે સંસ્થાના પ્રમુખ નરહરિ અમીનના અધ્યક્ષ સ્થાને વિજ્ઞાન મેળો યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિ વધે, વિજ્ઞાન સાથે અભ્યાસ કરી વિવિધ સંશોધન કરી જ્ઞાન મેળવે તે હેતુથી વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાન મેળામાં અમદાવાદ શહેરની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાના ૮૮ વિદ્યાર્થીઓ અને ૨૪ શિક્ષકોએ ભાગ લીધો હતો અને ૪૪ પ્રોજેક્ટ રજુ કરવામાં આવ્યા હતા. જેમાં ભૌતિકશાસ્ત્ર, ગણિત, જીવ વિજ્ઞાન અને પર્યાવરણ આધારિત પ્રોજેક્ટો રજુ કરવામાં આવ્યા હતા.

વિજ્ઞાન મેળામાં શ્રેષ્ઠ શાળાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં રૂ. ૧૧૦૦ ડીવાઈન ચાઈલ્ડ સ્કૂલ અંગ્રેજી માધ્યમ, પ્રથમ ઈનામ રૂ. ૭૫૦, હીરામણી સેકંડરી સ્કૂલ અંગ્રેજી માધ્યમે બીજો અને રૂ. ૫૦૦ કે.આર. રાવલ અંગ્રેજી માધ્યમે ત્રીજુ ઈનામ મેળવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદી, ડૉ. નિશાબેન શાહ, નીતાબેન અમીન, ડૉ. અંબુભાઈ પટેલ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

ટેબલ ટેનિસ ખેલાડી દિવ્યાબેન પંડયાને સિનિયર સરદાર પટેલ એવોર્ડ

કલેકટર ઓફિસમાં ફરજ બજાવતા શ્રીમતી દિવ્યાબેન જીતેન્દ્ર પંડયાને તેમની ટેબલ ટેનીસની રમત માટે સિનિયર સરદાર પટેલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ તેમને આજે રમત ગમત અને યુવક સેવા વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે ટાઉનહોલ ખાતે યોજાયેલ એક સમારંભમાં આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ માટે તેમને એક ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂપિયા ૫૦,૦૦૦ના પુરસ્કારનો ચેક અર્પણ કરાયો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત વાંચનોત્સવ

ગાંધીનગર, તા.૨૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે તાજેતરમાં વાંચનપર્વ સમાપન સમારોહ સવારે ૧૧-૦૦ વાગ્યાથી ૪-૩૦ દરમિયાન યોજાઈ ગયો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલી ૧૦ વિદ્યાનિકેતન શાળાઓ તેમજ ગાંધીનગર શહેરની ૯ પસંદ પામેલી શાળાઓમાં ૨૧ જુલાઈથી ૨૧ ઓગષ્ટ (૧ માસ) સુધી વાંચનપર્વ યોજવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે સમાપન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે નટવરભાઈ હેડાઉ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યુનિ.ના અધિકારીગણ, કર્મચારીગણ, ૧૯ શાળાઓમાંથી આવેલા ૧૦૭ શ્રેષ્ઠ વાચક વિદ્યાર્થીઓ તથા ૧૯ શિક્ષકો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના શ્રેષ્ઠ વાચક વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો સંવાદો, વકતવ્યો અને નાટયીકરણ દ્વારા રજૂ કર્યા હતા તથા શિક્ષક પ્રતિભાવો પણ રજૂ થયા હતા. આ સમાપન સમારોહમાં સહભાગી થનાર તમામ વાચક વિદ્યાર્થીઓને યુનિ. દ્વારા નાનોકોશ તેમજ પ્રતિભા સન્માન પ્રમાણપત્રો આપીને બિરદાવવામાં આવ્યા હતા તેમજ દરેક શાળાને યુનિવર્સિટીનું પ્રતિક તેમજ ૧૦૦ પુસ્તકોનો સેટ આપવામાં આવ્યો હતો. મુલ્યાંકનકાર મિત્રો દ્વારા ત્રણ શ્રેષ્ઠ શાળાઓની પસંદગી થઈ હતી. જેમાં કાંબલિયા કન્યા વિદ્યાલય જૂનાગઢ, કલવર હાઈસ્કુલ-હાલોલ તથા માણેકલાલ દેસાઈ-કપડવંજ શાળાની પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાંચનપર્વ કાર્યક્રમના સંયોજક ડૉ. નિહારિકાબહેન ઉદાણીએ કર્યું હતું.

આર.જી. કન્યા વિદ્યાલયનું ગૌરવ

ગુજરાત ગર્લ્સ એન.સી.સી. બટાલીયન અમદાવાદ દ્વારા આયોજીત વાર્ષિક તાલીમ શિબિરમાં આર.જી. કન્યા વિદ્યાયની વિદ્યાર્થીની પૂર્વી પંડયા પસંદગી પામી છે. જયારે વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયેલ ઈન્ટર ગ્રુપ હરિફાઈ અને અમદાવાદમાં આઈ.જી.સી.માં પ્રશ્નાવલી સ્પર્ધામાં ભાગ લઈ પૂર્વીએ રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિને એન.સી.સી.ના દિલાવરસિંહ અને શાળા પરિવારે અભિનંદન પાઠવી બિરદાવી છે.

આસિઆ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટસ ગાંધીનગર દ્વારા સ્નાતક ઈજનેરો અને સ્નાતક આર્કિટેકટસનું સન્માન કરવામાં આવનાર છે. જેથી નગરના જે વિદ્યાર્થીઓએ ઈજનેરી સ્નાતક અને આર્કિટેકસ સ્નાતકની પરીક્ષા ૬૦ટકાથી વધુ ગુણાંકે પ્રથમ પ્રયાસે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં પસાર કરી હોય તેમણે પોતાના ગુણ પત્રક (નામ, સરનામું, ટેલિફોન નંબર પાસપોર્ટ સાઈઝના બેફોટોગ્રાફ સહિત) સંસ્થાના મંત્રી હસમુખભાઈ બી. શાહ ૪૬૪/એ/૧ ગોકુલ સોસાયટી સેકટર-૮ (મો ૯૮૭૯૯ ૫૫૦૫૬)ને તા. ૧૫ સપ્ટેમ્બર પહેલાં મોકલી આપવા જણાવાયું છે.

વી.કેર ફાઉન્ડેશન દ્વારા સેવા યજ્ઞ

ઉમા સંસ્કાર તીર્થ ચંદ્રાલા મુકામે વૃક્ષારોપણ, બેટી બચાવો, પર્યાવરણ જાળવણી, વ્યસન મુક્તિ જેવા કાર્યક્રમો ઉપરાંત ધ્યાન-યોગ, લાફીંગ દ્વારા મનથી એકાગ્રતા વધારી અભ્યાસમાં કઈ રીતે સિદ્ધિ-લક્ષ પ્રાપ્ત કરી શકાય તેવો જ્ઞાન ગમ્મત કાર્યક્રમ યોજાઈ ગયો.

હરિની દૃષ્ટિ...

સાંભળ્યું ? પેલા સિનીયર નેતાને 'પથ - દર્શક'ની પોઝીશન મળી છે..!!

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય કબડ્ડીમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૬

અન્ડર-૧૯ કબડ્ડી સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૧૧ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને ટીમ વિજેતા બની હતી. ટીમની વિજેતા બહેનો ચૌધરી મેશ્વા, ચૌધરી આશા, કિંજલ, પિન્કી, હંસા, ચેહર, ભારતી, ઉર્મિલા, રોશની, મનિષા, ઝુલી હવે રાજયકક્ષાએ રમવા જશે. આચાર્યશ્રી સંતોકબેન, વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેન, શ્રી પિનાક્ષીબેન તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય વોલીબોલ સ્પર્ધામાં દ્વિતીય

અન્ડર-૧૭ વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી જેમાં શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બહેનો દ્વિતિય સ્થાને વિજેતા બની છે. જેમાં ૧૧ ખેલાડીઓ રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ થયા છે. રાજયકક્ષાએ રમવા જમાર ખેલાડીઓમાં પટણી કાજલ, વાઘેલા ફાલ્ગુની, શ્રીમાળી ઝલક, ઠાકોર રિદ્ધિ, ઠાકોર પાયલ, ભાવસાર ધારા, ચૌધરી પ્રગતિ, ચૌધરી રીટા, ચૌધરી ઉર્મિલા, ચૌધરી મેશ્વા અને ચૌધરી ચેહરનો સમાવેશ થાય છે. આચાર્યશ્રી સંતોકબેન, વ્યાયામ શિક્ષક શ્રી લીલાબેન, શ્રી પિનાક્ષીબેન તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં ભારત સરકારનાં સાંસ્કૃતિક મંત્રાલયે લંડન (બ્રિટન) ખાતે કઈ કૉલેજમાં 'ટાગોર સેન્ટર ફોર ગ્લોબલ થોટ' ને ખુલ્લું મુક્યું હતું ?
➜ **કિંગ્સ કોલેજમાં (ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ખાતે)**

૨. ૨૦૧૩માં ઈરાન અને પાકિસ્તાનની સરહદે કેટલી તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો ?
➜ **૭.૮ તીવ્રતા**

૩. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ફુટબોલ મહાસંઘના કાર્યકારી સમિતિના અધ્યક્ષ તરીકે કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી હતી ?
➜ **સુનિલ ગુલાટી**

૪. ૨૦૧૩માં વિશ્વની સૌથી ઊંચી 'પોપ'ની પ્રતિમાનું અનાવરણ કયા દેશમાં કરવામાં આવ્યું છે ?
➜ **પોલેન્ડ**

૫. ૨૦૧૩ હાવર્ડ યુનિવર્સિટીનો જહોન બેટ્સ કલાર્ક મેડલ ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને એનાયત કરાયો હતો ?
➜ **રાજ ચેટ્ટી (અર્થશાસ્ત્રી)**

૬. ૨૦૧૩ જાહેર થયેલા જહોન બેટસ કલાર્ક મેડલ એવોર્ડ બીજા કયા નામે ઓળખાય છે ?
➜ **બેબી નોબેલ**

૭. ૨૦૧૩માં પુલિત્ઝર પુરસ્કાર મેળવનાર ઉત્તર કોરિયાના લેખક 'એડમ જોનસન' ને તેની કઈ નવલકથાને લઈ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **નવલકથા : ધ ઓફધન માસ્ટર્સ સન**

૮. ૨૦૧૩માં બાફટા એવોર્ડથી કયા મહાનુભાવને સન્માનિત કરવામાં આવ્યા હતા ?
➜ **બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીય**

૯. ૨૦૧૩માં દક્ષિણ કોરિયામાં યોજાયેલ વર્લ્ડ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર મહિલા શૂટર કોણ છે ?
➜ **રાહી સરનોબત**

૧૦. ૨૦૧૩ જૂન માસમાં સાર્ક દેશોના મુખ્ય ન્યાયમૂર્તિઓની નવમી બેઠક કયા યોજાઈ હતી ?
➜ **ભૂતાનની રાજધાની થિમ્પુમાં**

૧૧. ૨૦૧૩માં નેધરલેન્ડના રાજા તરીકે કોની તાજપોશી કરાઈ છે ?
➜ **વિલિયમ એલેકઝાન્ડર**

૧૨. ૨૦૧૩માં બાંગ્લાદેશની સંસદમાં સૌપ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
➜ **શરીન શર્મિલ ચૌધરી**

૧૩. ૨૦૧૩ જૂન માસમાં ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને અમેરિકામાં સ્થિત નેશનલ સ્પેસ સોસાયટી દ્વારા કયો પુરસ્કાર આપવામાં આવ્યો હતો ?
➜ **વર્નહર વોન બ્રાઉન સ્મારક પુરસ્કાર**

૧૪. ૨૦૧૩માં ચીનના શાંઘાઈમાં આયોજિત તીરંદાજી વર્લ્ડકપમાં ભારતીય મહિલા ટીમે ઈટાલીને હાર આપી કયો ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો ?
➜ **કાસ્ય ચંદ્રક**

૧૫. ૨૦૧૩માં કતારના દોહામાં આયોજિત પ્રથમ ફીબા એશિયન બાસ્કેટબોલ ચેમ્પિયનશીપમાં ભારતીય મહિલા ટીમે કયો ચંદ્રક મેળવ્યો હતો ?
➜ **ગોલ્ડ મેડલ**

૧૬. ૨૦૧૩માં પાકિસ્તાનમાં યોજાયેલી ચૂંટણીમાં પાકિસ્તાનના વડાપ્રધાન પદે નિમણૂંક પામનાર વડાપ્રધાન નવાઝ શરીફ કઈ પાર્ટી સાથે સંકળાયેલાં છે ?
➜ **પાકિસ્તાન મુસ્લિમ લીગ (PML)**

૧૭. ૨૦૧૩માં ફ્રાન્સના કાન્સ શહેરમાં કેટલામો કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ યોજાયો હતો ?
➜ **૬૬મો**

૧૮. ૨૦૧૩માં વર્લ્ડ ટ્રેડ ઓર્ગોનાઈઝેશન (WTO) ના અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં અપાવી છે ?
➜ **રોબર્ટ ડે એઝાવેડા**

૧૯. ૨૦૧૩માં વિશ્વના કયા બે દેશે સ્વૈચ્છિક મૃત્યુને માન્યતા આપી છે ?
➜ **નેધરલેન્ડ અને બેલ્જિયમ**

૨૦. ૨૦૧૩માં થયેલા એક સર્વે મુજબ વિશ્વના શક્તિશાળી દેશોમાં આર્થિક ક્ષમતાની દૃષ્ટિ ભારતનો કેટલામો ક્રમ છે ?
➜ **આઠમો**

આપણે જ આપણા મેનેજર અને માલિક ક્યારે ?

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

મુનિવર તરૂણસાગર તેમના કડવાં પ્રવચનોમાં કહે છે : 'જો તમે એક સફળ વ્યક્તિ બનવા ઇચ્છો તો મારી સલાહ ધ્યાનમાં રાખો. સફળતાને માટે મન લગાવીને પ્રયત્ન કરવો, પરંતુ સફળતાનો નશો ક્યારેક મગજમાં ન ચઢવા દેવો. કારણ કે જો સફળતાનો નશો મગજના સાતમાં આકાશમાં ચડી જશે અને પછી તમે સાતમાં આકાશથી નીચે પડશો તો ક્યાંયનાં નહીં રહો. એ વાતનું હંમેશા ધ્યાન રાખવું કે ક્યારેય એટલાં ઊંચા ન જતા રહેવું કે લોકો તમને પોતાની આંખેથી જોઇ ન શકે.'

એક માણસ જયારે રોડની મધ્યમાં થોડીક ક્ષણો માટે ફસાય છે ત્યારે તેના હૃદયના ધબકારા તેની ગતિ વધારી દે છે. તે જ રીતે રોજની માથાકૂટોથી કંટાળેળ માનવી માટે શ્રીમદભગવત ગીતા એક અક્સિર દવા બની જાય છે.

શ્રીમદભગવત ગીતા એટલે જીવન નામનાં કોમ્પ્યુટરનું સોફ્ટવેર. જેમાં પાંચ હજાર વર્ષનાં માનવજીવનનાં સર્વાંગીણ વિકાસ અંગેના રેટાબેઝ જળવાયેલા છે. જગતની પ્રત્યેક ક્રિયા આગવી ભલે રહી પણ માનવ મનમાં પ્રશ્નો બહુ બદલાતાં નથી. એક સમયે દૂરથી પાણી લાવવાની સમસ્યા હતી. તો આજે પાણી કેવી રીતે, કેટલું વાપરવું અને મીટર લગાવવા કે નહીં તેની ચર્ચાઓ અને વમળો છે. કશુંક ન મળે તો મેળવવાની માથાકૂટ અને મળ્યા પછી સારી રીતે સાચવવાની માથાકૂટ! ક્યારેક થાય કે માણસ નહિં સુધરે તો કુદરત તો સુધારવા તૈયાર જ છે. એક ભૂકંપ કે ત્સુનામી બસ છે. પણ ઇશ્વર નામની બેંકમાં એક લોકર છે જેનું નામ ગીતાજી છે. તે લૉકરને ખોલવાની ચાવી બધા પાસે છે. તે ચાવીનું નામ છે. 'જીવન વિકાસ માટે ઉત્સુક બુદ્ધિ.'

શાસ્ત્ર એ છે જે સમયથી પાર ઉતરી ગયેલ છે, સ્થળની બંધાયેલ નથી અને જન સાધારણના હિતમાં લખાયેલ ગ્રંથવિશેષ. જયારે શાસન એટલે શિક્ષણ આપવું, આજ્ઞા, આદેશ, નિર્દેશ કરવો, સલાહ આપવી, દંડ કરવો પાલતું બનાવવું, વશવર્તી કરવું. લેખિત પ્રતિજ્ઞા અને રાજયનું સંચાલન. શાસ્ત્રમાં સમાયેલાં વિચારો કાલગ્રસ્ત ન થાય કારણ કે તેમાં માનવ ઇતિહાસના પગલાં પડેલાં હોય છે. શાસન કરનારે કાયદા બનાવવા પડે જયારે શાસ્ત્રના નિયમો અટલ અને અચલ હોય છે. શાસ્ત્ર અનુસાર ચાલનાર નિષ્ફળ કે નિરાશ થઇ શકે નહીં. જયારે શાસન માનવીય મર્યાદાઓથી ખરડાયેલા હોય.

ભારતનાં ઇતિહાસમાં એક વ્યક્તિત્વ જે શ્રેષ્ઠ તત્ત્વચિંતક, અખંડ ભારતના મશાલતી, પ્રખર જ્ઞાની અને સંન્યાસી એવા શંકરાચાર્યના ગીતાના ભાષ્યમાંથી કેટલાક વિજ્ઞાનસંમત વિચારોને મમળાવવા જેવા છે. ભાષ્યનો પ્રથમ મંત્ર સર્વશક્તિધર્તા અવ્યક્ત (છુપાયેલો) નારાયણની સૃષ્ટિનો પરિચય આપે છે.

ઓમ નારાયણઃ પરોવ્યક્તાદંડવ્યક્તસંભવમ્ ।
અણ્ડસ્યાં તસ્ત્વિમે લોકાઃ સપ્તદીપા ચ મેદિની ॥

'નારાયણ સહુથી પર (અનન્ય) છે, આ બ્રહ્માંડ અવ્યક્તમાંથી સર્જાયેલું છે. આ સાતે લોક અને સાત મહાદ્વીપવાળું પૃથ્વી અવ્યક્તની અંદર રહેલાં છે.'

એ (નારાયણ) ભગવાને આ જગતની રચના કરીને એની સ્થિતિ એટલે પાલન થાય એવી ઇચ્છાવાળા તેઓએ મરીચિ વગેરે (પ્રજાપતિઓ) ને પહેલાં ઉત્પન્ન કરી તેઓને વદોક્ત પ્રવૃત્તિ લક્ષણ ધર્મનો ઉપદશ આપ્યો.

અહિ મરીચિ શબ્દના અર્થો આ પ્રમાણ છે, જેમ કે, કિરણ, પ્રકાશનો અણુ, મૃગતૃષ્ણા. એક ઋષિ જે બ્રહ્માના પુત્ર કહેવાય છે અને શ્રીકૃષ્ણનું એક નામ. મરીચિનો અર્થ કિરણ થાય છે. આ અર્થને સ્વીકારીએ તો સમજમાં આવે છે કે જગતની રચનાની સીડી ઉપરનું પ્રથમ પગથિયું પ્રકાશ ગણી શકાય. શાસ્ત્રો સમાજને એક સાથે બે બાબતો આપતું હોય છે. એક તો વાર્તાકથન જેના થકી સામાન્ય જન હળવી શૈલીમાં કશુંક જાણે પણ ગંભીર અર્થ થોડીક રૂપકાત્મક (સિમ્બોલિક) ભાષાના પ્રયોગવાળી હોય.

નારાયણ ભગવાને સૃષ્ટિની રચના કરીને પ્રાચીન એવો વેદોક્ત બે પ્રકારનો ધર્મ કહ્યો છે. ૧. પ્રવૃત્તિ લક્ષણ, ૨. નિવૃત્તિ લક્ષણ.

ધર્મ એટલે જે જગતની સ્થિતિનું કારણ અને પ્રાણીઓનો અભ્યુદય તથા નિશ્રેયસનો સાક્ષાત્ તથા કલ્યાણની કામનાવાળા અને વર્ણ અને આશ્રમનું અવલંબન કરનારા જેનું અનુષ્ઠાન કરે છે તે ધર્મ છે. જ્ઞાન, શક્તિ, બળ, વીર્ય અને તેજથી સદૈવ સંપન્ન એવા એ ભગવાન, જો જો તેજ, અવ્યય, ભૂતોના સ્વામી અને નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત સવભાવના હોવા છતાં, પોતાની મૂળપ્રકૃતિરૂપ, ત્રણ ગુણોવાળી વૈષ્ણવી માયાને વશ કરીને જાણે કે દેહધારી હોય એમ જન્મ્યા હોય તેમ લોકો પર અનુગ્રહ કરતા હોય એમ લાગે છે.

બ્રહ્માના દસ માનસપુત્રોના નામ છે. (૧) ભૃગુ (૨) પુલહ, (૩) પુલત્સ્ય, (૪) ક્રતુ (૫) અંગિરસ (૬) મરીચિ (૭) દક્ષ (૮) અત્રિ (૯) વસિષ્ઠ (૧૦) નાદરજી

ભૃગુ વરૂણના પુત્ર અને અગ્નિની જવાળાઓ તરીકે પ્રચલિત છે. અંગિરા રાખ, પુલત્સ્ય એટલે મહાન મનુષ્ય, પુલહના લગ્ન ક્ષમા સાથે થયા હતા. ક્રતુના લગ્ન સનતિ અર્થાત્ માનવતા સાથે, અંગિરાના સ્વધા અને સતિ સાથે, અત્રિના લગ્ન અનસુયા સાથે, વરિષ્ઠ સ્વયંસંચાલિત રાજયનાં પુરસ્કર્તા, દક્ષ માનવજાતિના પૂર્વજ અને ઉમાના પિતા, નાદરજી દેવતાઓનાં સંદેશવાહક અને કલા સંગીતના જાણકાર હતા.

ગીતાશાસ્ત્ર સંપૂર્ણ વેદોના અર્થના સારના સંગ્રહ સ્વમું બનેલું અને દુર્વિજ્ઞયાર્થ એટલે દુઃખપૂર્વક જાણી શકાય એવા અર્થવાળુ છે. એના અર્થને પ્રગટ કરવા માટે વિદ્વાનોને પ્રયત્ન કર્યો છે. ગીતાનો અર્થ જાણવાથી સઘળા પુરૂષાર્થોની સિદ્ધિ થાય છે તેથી તેના વિવરણ માટે શંકરાચાર્યે ગીતાની ટીકા લખી છે.

શોક અને મોહને કારણે દબાઇ ગયેલા વિવેકજ્ઞાનવાળો તે પોતે જ ક્ષાત્રયુદ્ધમાં પ્રવૃત્ત થયો હોવા છતાં તે યુદ્ધમાંથી પાછો પડી ગયો અને પરધર્મ ભિક્ષા દ્વારા જીવવા વગેરેનું આચરણ કરવા પ્રવૃત્ત થયો.

સ્વધર્મમાં પ્રવૃત્ત થયેલામાં પણ તેમનાં મન, વાની અને શરીર વગેરેની પ્રવૃત્તિ ફળની આકાંક્ષાથી યુક્ત અને અહંકાર અહિતની હોય છે. ત્યાં જયારે આવું થતું હોય ત્યારે ધર્મ અને અધર્મની વૃદ્ધિ થવ